અપીલ અરજી નં.૩૬૨ તા.૨૫–૨ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ શ્રી જશુબેન ડાહયાભાઈ પટેલ
સામાવાળાઃ– ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી જશુબેન ડાહયાભાઈ પટેલની તા.૭–૨–૧૧ની અરજી થી સોબત જોડેલા વોર્ડ સર્વેયરનો રીપોર્ટ એસ.એમ.સી ના લેટરપેડ પર કોમ્પ્યુટર ટાઈપીંગ થી કરી આપશોજી ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૨૫–૨–૧૧ ની **SMC/FAP/** નં.૩૬૨/૨૦૧૦–૧૧.

શ્રી જશુબેન ડાહયાભાઈ પટેલની તા.૭–૨–૧૧ની અરજી થી સોબત જોડેલા વોર્ડ સર્વેયરનો રીપોર્ટ એસ.એમ.સી ના લેટરપેડ પર કોમ્પ્યુટર ટાઈપીંગ થી કરી આપશોજી ની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને મ.જાહેર માહિતી અધિકારી નોર્થઝોનના પત્ર નં.એન.ઝેડ/એ.આર.ડી/૬૭૭ તા.૧૭–૨–૧૧ થી મળેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૫–૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દાઓ અંગે પણ તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૬૮ તા.૫–૩–૧૧ થી ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં દફતરી ઉપલબ્ધ માહિતી જે સ્વરૂપમાં હોય તે સ્વરૂપમાં આપવાની જોગવાઈ છે. તેમ છતાં તમને કઈ વિગતે નારજગી છે તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૭૪૨ તા.૧૪–૩–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને તા.૧–૧૧–૧૦ ની અરજી બાબતે આપેલી માહિતી અંગે પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૫ તા. ૪–૧૨–૧૦ ના પત્રની નકલ, સર્વેયરના રીપોર્ટની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પાઠવેલ નં.એન.ઝેડ/એઆરડી/૬૭૭ તા.૧૭–૨–૧૧ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદારને પત્ર સંદર્ભે કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૭–૨–૧૧ ની અરજીથી સોબત જોડેલા વોર્ડ સર્વેયરનો રીપોર્ટ એસ.એમ.સી ના લેટરપેડ પર કોમ્પ્યુટર ટાઈ પીંગ થી કરી આપશો. તેવી માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી કતારગામઝોનના આકારણી વિભાગને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.એન.ઝેડ/એઆરડી/૬૭૭ તા.૧૭–૨–૧૧ થી " સદર અરજીથી તમોએ માંગેલ માહિતી બાબતે નિયમ મુજબ રેકર્ડ પરના કાગળોની નકલ જ તમોને આપવાની હોય છે તેથી તમોએ માંગ્યા મુજબની નકલ આપી શકાય એમ નથી." તેવું જણાવેલ. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા નિર્ણયથી નારાજ થઈ સોબત જોડેલા વોર્ડ સર્વેયરનો રીપોર્ટ એસ.એમ.સી ના લેટરપેડ પર કોમ્પ્યુટરથી ટાઈપીંગ થી કરી આપવાની રજૂઆત કરી તા.૨૫–૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. આમ અરજદારે મુળ અરજીમાં જણાવેલ માહિતી બાબતે પ્રત્યુત્તર પાઠવવા છતાં અપીલ અરજીમાં તે વિગતો પુનઃ દોહરાવી અપીલમાં રજૂઆત કરેલ છે. આમ અરજદારે આપેલી માહિતીને કોર્પોરેશનના લેટર પેડ ઉપર ટાઈપ કરવાનો આગ્રહા રાખેલ છે જે આરટીઆઈ ના કાયદા અને જોગવાઈઓ સાથે સુસંગત નથી. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળની પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જયારે અરજદારે તે માહિતી અન્ય સ્વરૂપમાં સર્જન કરી પૂરી પાડવા આગ્રહ રાખેલ છે જે કાયદાની કલમ–૭(૯) સાથે આમુખથી ચરિતાર્થ થયેલ સરકારના કાર્યક્ષમ સંચાલન સાથે પણ સંઘર્ષમયી બનાવે છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૭–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતીનું સ્વરૂપ બદલી સર્જન કરી આપવાની માંગણી જાહેર માહિતી અધિકારી ધ્વારા ગ્રાહય નહીં રાખી ઈન્કાર કરેલ છે. અરજદારની માંગણી કોર્પોરેશનના લેટરપેડ ઉપર આપેલી માહિતી કોમ્પ્યુટર પર ટાઈપ કરીને આપવાની માંગણીનો આગ્રહ આરટીઆઈ કાયદા સાથે સુસંગત ન હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. જાહેર માહિતી અધિકારીનો નિર્ણય બહાલ રાખવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી (કતારગામ ઝોન ) ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી જશુબેન ડાહયાભાઈ પટેલ,